ભેટ શારદા-મંદિર-બા.મ

બાલવિનોદ ગ્રંથાવલિ ☆ પુસ્તક દસમું



# બિલ્લીબાઈ

☆

સંપાદક : નાગરદાસ ઈ. પટેલ
ચિત્રકાર : જગમોહન મીસ્ત્રી

૭૫ પૈસા

બાલવિનોદ કાર્યાલય : ૧૪૯ પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબાઈ : ૨

આવૃત્તિ પહેલી : ૧૯૪૫ બીજી : '૪૭ ત્રીજી : '૫૦ ચોથી : '૫૪
પાંચમી : '૫૯ છઠ્ઠી : '૬૩ સાતમી : '૬૭ આઠમી : '૬૯
નવમી : '૭૧ દસમી : '૭૪

મુંબાઈ સરકારના કેળવણીખાતા તરફથી મંજૂર

☆

'શબ્દમાળા' ની મદદથી વાચન શીખ્યા પછી બાલકો વાંચવાનું માગે છે અને એને અનુકૂળ બહુ જ થોડાં પુસ્તકો આપણા સાહિત્યમાં છે. ૭ થી સાત વરસનાં બાલકો માટે વિવિધરંગી પુષ્કળ ચિત્રોવાળાં મોટા અક્ષરે છાપેલાં પુસ્તકોની ખૂબ જરૂર છે. એને માટે અમે **બાલવિનોદ ગ્રંથાવલિની** યોજના કરી છે.

બાલજગત એને સત્કારશે અને એનો બહોળો પ્રચાર કરશે એવી આશા છે.

**સંપાદક**


☆

| | | |
|---|---|---|
| બિલ્લીબાઇ | .... | ૩ |
| હંસરાણી | .... | ૨૩ |

☆

: મુદ્રક :
રજનીકાન્ત રા. પટેલ
રંજની પ્રિન્ટરી
૧૪૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨

: પ્રકાશક :
સુમતિ નાગરદાસ પટેલ
બાલવિનોદ કાર્યાલય
૧૪૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨



# બિલ્લી બાઈ

☆

એક હતી બિલાડી.

એને ત્રણ બચ્ચાં હતાં. એમને જોઈને બિલાડીનો આનંદ માતો ન હતો.

મોટું બચ્ચું ભોળુ હતુ.

સૌથી નાનું ભારે ચાલાક.

ત્રણ કૂદાકૂદ કરે, આમ નાસે ને



તેમ નાસે. ખૂબ ગંમત કરે.

બચ્ચાં મોટાં થયાં ને બિલાડી મરણ પામી. ત્રણ બચ્ચાંએ નક્કી કર્યું કે સૌએ પોતપોતાનાં ઘર બનાવીને રહેવું.

મોટાએ ઘાસનું ઘર બનાવ્યું.

વચલાએ લાકડાનું બાંધ્યું ને નાનાએ ઈંટોનું મજબૂત ઘર ચણ્યું.

દરેક પોતાનું ઘર જોઈ રાજી થયું ને એક બીજા પાસે વખાણ કરવા લાગ્યું.



એક દિવસ ડાઘીયે કૂતરે ત્રણ બિલાડીઓને જતાં જોઈ.

ડાઘીયો કૂતરો ભારે હરામખોર. ચારે તરફ એનો ખૂબ ત્રાસ હતો.

ઉંદર, સસલાં, બિલાડી, શિયાળ વગેરે એને જોતાં ને ભાગતાં.

ડાઘીયો એ બધાંનો કાળ હતો. એ એમની પાછળ દોટ મૂકતો ને પકડીને ખાઈ જતો. એની ઝપટમાંથી કોઈ બચતું નહિ.




ડાઘીયે ત્રણે બિલાડીની પૂઠ પકડી.

સૌથી પહેલું ઘર આવ્યું મોટી બિલાડીનું. એનું ઘર ઘાસનું હતું. ડાઘીયે એનું બારણું ખખડાવ્યું.

'દરવાજો ખોલો.' ડાઘીયે બૂમ મારી.

'જે હોય જે જતું રહે. દરવાજો નહિ ઉઘડે.' અંદરથી બિલાડીએ જવાબ આપ્યો.

'એમ કે! હમણાં તારૂં ઘર ખેદાન મેદાન કરી નાખું છું.' એમ કહીને એણે



ઘાસનું ઘર તોડી પાડ્યું ને બિલાડીને ખાઈ ગયો.

બીજે દહાડે એ વચલી બિલાડીને ઘેર ગયો. એનું ઘર લાકડાનું હતું.

ડાઘીયે બારણું ઠોક્યું.

'કોણ છે એ ! જે હોય તે ચાલ્યો જાય. દરવાજો નહિ ઉઘડે.' અંદરથી જવાબ મળ્યો.

ડાઘીયે તો આખું ઘર તોડી પાડ્યું ને વચલી બિલાડીને પણ ખાઈ ગયો.

ત્રીજે દહાડે એ નાની બિલાડીને ઘેર



ગયો. એનું ઘર ઈંટોનું હતું.


બારણાં પાસે જાળિયું હતું ત્યાંથી એને જોઈને નાની બિલાડીએ પૂછ્યું: 'કેમ ડાઘીયાકાકા! શું કામ છે?'

'દરવાજો ઉઘાડ દીકરા!' ડાઘીયે કહ્યું.

'ના રે કાકા! તો તો તમે અને ખાઈ જાવ.'

'ઉઘાડ દરવાજો, નહિતર આખું ઘર ખેદાન મેદાન કરી મૂકીશ.'

'જે કરવું હોય તે ખુશીથી કરો. દરવાજો



નહિ ઉઘડે.' બિલ્લીબાઈએ જવાબ આપ્યો.

'જોજે ત્યારે ઝપાટો.' કહીને ડાઘીએ ઘર તોડવા ખૂબ મહેનત કરી. દોડતા આવી ને ભીંતમાં માથાં માર્યાં. માથામાં વાગ્યું પણ ભીંત તૂટી નહિ. એનું બધું યે જોર નકામું ગયું. ભીંત હાલી નહિ ને ઘર ભાગ્યું નહિ.

થાકીને લોથપોથ થઈ એ જવા લાગ્યો.

'એ આવજો ડાઘીયાકાકા !' બિલ્લી-બાઈએ જાળિયામાંથી કહ્યું.



ડાઘીયાના ગુસ્સાનો પાર ન રહ્યો.

ડાઘીયો ઘેર ગયો. બળથી ન થયું તે કળથી કરવાનું એણે નક્કી કર્યું ને બીજે દહાડે એ બિલ્લીબાઈને ઘેર ગયો.

'કેમ ડાઘીયાકાકા! મઝામાં તો ખરા ને!' બિલ્લીબાઈએ પૂછ્યું.

'હારે દીકરા! હું છગન પટેલની વાડીમાં જમરૂખ ખાવા જતો હતો ત્યારે થયું કે લાવને તને પણ પૂછતો જાઉં. તને જમરૂખ ભાવે છે ને!'



‘હાસ્તો. મને ખૂબ ભાવે છે. પણ
મારે આજે કામ છે એટલે કા જ


‘ભલે.’ કહીને ડાઘીયો ગ

બીજે દહાડે વહેલી ઉઠી

છગન પટેલની જમરૂખીપર
ખાસાં મઝાનાં પાકાં પાકાં

એવામાં ડાઘીયો આ

‘લો ડાઘીયાકાકા !
જમરૂખ તોડી આપું.’ એ



એ જમરૂખ તોડીને દૂરદૂર ફેંકવા માંડ્યાં.

ીયો જમરૂખ લેવા દોડ્યો.

મજેમ આગળ જતો ગયો તેમ

બાઈએ દૂર ને દૂર જમરૂખ

મટાં ખૂબખૂબ જમરૂખ

મારીને બીજી બાજુએ

ોતાને ઘેર પહોંચી ગઈ.

કરીને ડાઘીયાબાઈ જુએ




તો બિલ્લીબાઈ ન મળે! બીજે દહાડે ડાઘીયો બિલ્લીબાઈને ત્યાં ગયો.

'કેમ ડાઘીયાકાકા! જમરૂખ ભાવ્યાંને?' બિલ્લીબાઈએ જાળિયામાંથી પૂછ્યું.

'હારે દીકરા! ખૂબ ભાવ્યાં. આજે બપોરે મેળામાં આવશે! રામપુરનો મેળો મઝાનો છે.'

'ખુશીથી. આપણે સાથે જઈશું.' બિલ્લીબાઈએ જવાબ આપ્યો.

'બહુ સારૂં.' કહીને ડાઘીયો ગયો.




બિલ્લીબાઈ તરતજ મેળામાં જવા ઉપડી. રામપુરનો મેળો એને ઘણોજ ગમ્યો ને ખૂબ મઝા પડી.

એ ચકડોળમાં બેઠી, ચક્કરમાં ફરી ને ખાધું પીધું ને લ્હેર કરી.

પાછા આવતી વખતે એણે એક મોટી કોઠી ખરીદી ને તે ગબડાવતી ગબડાવતી ઘરને રસ્તે પાછી ફરી.


રસ્તામાં એક ટેકરો આવતો હતો.



તે ચઢીને એણે જોયું તો દૂરથી ડાઘીયો આવતો દેખાયો. એને જોઈને બિલ્લીબાઈ ગભરાઈ ગઈ. એ તરત જ પેલી કોઠીમાં ભરાઈ ગઈ.

એવું બન્યું કે એ વખતે કોઠી પેલી ટેકરી ઉપર હતી અને ડાઘીયો ટેકરી ચઢતો હતો. બિલ્લીબાઈ કોઠીમાં પેઠી તેવી જ કોઠી ગબડવા લાગી.

એ ગબડતી ગબડતી નીચે



આવતી હતી. ડાઘીઆએ એ જોયું, એનો અવાજ સાંભળ્યો ને એ ગભરાયો તે આડે માર્ગે જાય રે નાઠો! જાય રે નાઠો!

એ તો ઊભી પૂંછડીએ ભાગ્યો.

દોડતાં દોડતાં એનાં ખાસડાંયે નીકળી ગયાં તેની પણ એણે પરવા ન કરી.

એ દોડે જ ગયો.


આડેથી એ બિલ્લીબાઈને ઘેર ગયો



ને પૂછ્યું: 'તું મેળામાં જઈ આવી?'

'હા રે ડાહીચાકાકા!' બિલ્લીબાઈએ કહ્યું. 'મેં તો ત્યાં ખૂબખૂબ મઝા કરી.'


'હું અહીં આવ્યો ત્યારે તારું ઘર બંધ હતું એટલે મને લાગ્યું કે તું ગઈ હશે. પછી હું રામપુર જવા નીકળ્યો પણ રસ્તામાં પેલી ટેકરી આવે છે ને, તેની ઉપરથી આકાશ તૂટી પડીને ગબડતું લાગ્યું—'



'આકાશ તૂટી પડ્યું! અરે બાપરે! ત્યારે તો તમે મેળામાં નહિ ગયા હો! એ આકાશ શી રીતે તૂટી પડ્યું? કાકા!' બિલ્લીબાઈએ હસતાં હસતાં પૂછ્યું.

'આકાશનો ટૂકડો તૂટી પડ્યો ને ગડગડાટ કરતો ગબડવા લાગ્યો.' ડાઘીયે કહ્યું.

'અરે બાપરે! એ તો મારી નવી કોઠી હતી ને એમાં હું બેઠી હતી. વાત એમ બની કે કોઠી ટેકરીની ટોચે આવી ત્યારે થાક ખાવા




હું એમાં બેઠી ત્યાં તો એ ગબડવા લાગી.'

એ સાંભળી ડાઘીયાનો મિજાજ ખાટો થઈ ગયો ને વીલે મોઢે એ ઘેર ગયો.

બિલ્લીબાઈ તો ખૂબખૂબ હસી.

બીજે દહાડે સવારના ડાઘીયો પાછો આવ્યો ને ધડાધડ બારણાં ઠોક્યાં: 'બારણાં ઉઘાડ. જલ્દી ઉઘાડ. સાંભળે છે કે નહિ!'

'એ નહિ બને.' બિલ્લીબાઈએ કહ્યું. 'મારે નહાવું છે તે હું પાણી ગરમ કરૂં છું.'




પણ ડાઘીયાભાઈ તો મમતે ચઢ્યા.

'જોઉં છું. જોઈએ તું કેવાં બારણાં નથી ઉઘાડતી તે.' એમ કહીને એણે ફરીથી મથામણ કરી જોઈ પણ તે નકામી ગઈ.

એની નજર છાપરા ઉપર ગઈ. ત્યાં એક નાની ડોકાબારી હતી.

એ છાપરે ચઢ્યા ને પેલી બારી ઉઘાડી અંદર ફૂદકો આર્યો.



બિલ્લીબાઈએ ડાઘીયાને છાપરે ચઢતાં જોયો તેથી એ શું કરશે તે એ સમજી ગઈ. એણે એને માટે તૈયારી કરી રાખી હતી.

બરાબર એ ડોકાબારીની નીચે જ એણે પાણીની મોટી કઢાઈ ઉકાળવા માંડી હતી ને નીચે ખૂબ તાપ કર્યો હતો.


ડાઘીયાભાઈ કૂદીને પડ્યા તેવા પેલી કઢાઈમાં જ પડ્યા ને ઉકળતા પાણીમાં ખદખદીને મરી ગયા.



ડાઘીયાભાઈ ગયા એટલે બિલ્લીબાઈને હેરાન કરનાર કોઈ ન રહ્યું.

એ હવે પોતાના ઘરમાં સુખેથી ખાય છે, પીએ છે, મઝા કરે છે ને લહેરમાં આવે છે ત્યારે પોતાનું માનીતું વાજુ વગાડે છે.

☆




# હંસરાણી

★

એક હતી હંસલી.

એ આમતેમ ફરતી હતી. એવામાં એને કાગળનો મુકુટ જડ્યો. તે એણે માથે મૂક્યો. એનો ભપકો ફરી ગયો.

એ બોલી ઊઠી: 'હવે હું રાણી થઈ: હંસરાણી.'



એ તો રૂવાબભેર ચાલવા લાગી ને એક બગીચામાં જઈ પહોંચી. સામેથી એક કાચબો આવતો હતો તેણે પૂછ્યું: 'કેમ છો?'

'કેમ રે! તને બોલતાં આવડે છે કે નહિ? તું કોની જોડે વાત કરે છે? જોતો નથી હું રાણી છું. જરા રીતભાત શીખ ને વાત કરવા આવ.'

'વાહ રે રાણીબાઈ! હવે રીતભાત શીખીશું.' કહીને કાચબો ગયો.



હંસલી આગળ ચાલી. આમતેમ જોતી જાય ને ચાલતી જાય. સામેથી હંસોનું એક ટોળુ આવ્યું ને એની આજુ-બાજુ ફરી વળ્યું. એને રૂવાબભેર જતી જોઈને કલાબકાર કરી મૂક્યો.

એ જે તરફ ફરે તે તરફ કોઈ ને કોઈ એની સામે ડોક લંબાવીને એની ઠેકડી કરતું હોય.

એ માંડમાંડ એ ટોળામાંથી છૂટી.



એ આગળ ચાલી.

એને જતી જોઈ ને એક ભૂંડણ ને એનાં બચ્ચાં ઊભાં રહ્યાં. પોતાની ડોક ટટાર કરી એ રૂવાબભેર ચાલી:

'આ ભૂંડને શી ખબર! એમને રાણી સાથે વાત કરતાં શાનું આવડે!' એ મન સાથે બબડી.

એને જોઈને ભૂંડણ બોલી:

'એનો ઠસ્સો તો જુઓ!'




એ આગળ ચાલી.

બાજુની દિવાલપર કૂકડો હતો તે બોલી ઊઠ્યો: 'કૂકડે કૂક!'

'જરા વિવેક તો શીખ.' હંસલી બોલી. 'જોતો નથી, હું રાણી છું! અદબ રાખ.'

એમ કહીને એ રૂવાબથી ચાલવા લાગી ત્યાં કૂકડો એની પાછળ દોડ્યો. એ ચાર મરઘીઓ પણ પાછળ પડી.

માંડ માંડ હંસલી નાસી છૂટી.



એ એમને એમ ચાલવા લાગી.

અને એ રીતે જતાં બતકનાં બચ્ચાંએ જોઈ.

'બા, બા, જો તો ખરી. આ હંસાકાકી-ના મિજાજ તો જો.' એમ કહીને એમણે બતકને બૂમ મારી.

'એ આવી.' કહીને બતક આવી.

પણ એટલામાં તો હંસલી આગળ ચાલી ગઈ.



હંસલી રૂવાબભેર જતી હતી.

એવામાં વાવાઝોડુ ને વરસાદ સાથે લગાં આવી પહોંચ્યાં.

એનો કાગળનો મુકુટ પવનમાં ઊડી ગયો ને પાણીથી પલળી ગયો.

મુકુટ ગયો તેની સા[illegible]સલીનો મિજાજ પણ ગયો ને એ[illegible] પાણીમાં પલળીને ઠં[illegible] હંસલી ઘેર ગઈ.



એને આવેતી જોઈને એની રખેવાળ બાઈએ પૂછ્યું: 'અત્યાર સુધી શું કરતી હતી !'

'હું તો રાણી બની હતી.' હંસલી બોલી

'અરે વાહરે મારાં હંસારાણી ! 'છાનાંમાનાં ખાવા માંડ

રખેવાળ
એ આવી.' રહી જશો.'

પણ એટલામાં ા હોડી.

ી ગઈ.

★

છ થી સાત વરસનાં બાળકો માટે

# બાલવિનોદ ગ્રંથાવલિ

સંપાદક : નાગરદાસ ઈ. પટેલ ☆ ચિત્રકાર : જગમોહન મીસ્ત્રી

જાડા દળદાર કાગળો ઉપર છાપેલાં

## આટલા મોટા ટાઈપમાં, બે રંગમાં

પાને પાને સુંદર ચિત્રોવાળાં આ પુસ્તકો આપણા બાલસાહિત્યમાં તદ્દન નવી ભાત પાડે છે અને તાજાં વાંચવા શીખેલાં બાલકો માટે ભારે આશીર્વાદરૂપ છે.

૧ **હાથીનું નાક** : ત્રણ રંગમાં સુંદર રીતે છાપેલી ત્રીસ ચિત્રોવાળી આ ચોપડીમાં ત્રણ મઝાની બાલવાર્તાઓ છે ... ૦–૭૫

૨ **સંગીતશાસ્ત્રી** : બે રંગમાં સુંદર રીતે છાપેલી ત્રીસ ચિત્રોવાળી ત્રણ રસિક બાલવાર્તાઓ ... ... ... ૦–૭૫

૩ **ચિત્રલેખા** : બે રંગમાં છાપેલી ત્રી[illegible]નોહર ચિત્રોવાળી બે રસિક બાલવાર્તાઓ

૪ **ત્રણ દીકરા** : બે રંગમાં છાપેલી રસભરી બાલવાર્તાઓ

૫ **અંધેરી નગરી** : બે રંગમાં છા[illegible]
એક અંધેરી ને ગંડુરાજા[illegible]